# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-12-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) સાંસદ ખેલ મહોત્સવનો પ્રારંભ કરાવતા કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ કહ્યું, રમતગમત માત્ર સ્પર્ધા નહીં પરંતુ વ્યક્તિત્વ ઘડતરનું સાધન છે.
2) રાજકોટ જિલ્લાના અણીયારા ગામમાંથી એક કરોડ રૂપિયાના માદક પદાર્થનું વાવેતર ઝડપાયું
3) મુખ્યમંત્રી રાહત ભંડોળ દ્વારા છેલ્લા ચાર વર્ષમાં કેન્સરના બે હજારથી વધુ દર્દીઓને નવજીવન મળ્યું
4) આગામી ત્રણ દિવસ બાદ રાજ્યના તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા
5) ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે ત્રીજો T20 મુકાબલો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MANDVIYA GUJARAT

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ કહ્યું , રમતગમત માત્ર સ્પર્ધા નહીં પરંતુ વ્યક્તિત્વ ઘડતરનું સાધન છે. પોરબંદરમાં સાંસદ ખેલ મહોત્સવનો શુભારંભ કરાવતા તેમણે જણાવ્યું , મેદાનમાં ઉતરનાર ખેલાડી ક્યારેય હારતો નથી તે જીતે છે અથવા શીખે છે.

(બાઇટ : ડૉ.મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી)

તેમણે ઉમેર્યું, અત્યારે રમતગમતમાં કારકિર્દી બનાવવી સરળ બની છે. આ પ્રસંગે શ્રી માંડવિયાએ 40 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કાર્યોના ઇ-લોકાર્પણ અને ઇ-ખાતમુહૂર્ત પણ કર્યા. આ કાર્યક્રમ દરમિયાન ભારતીય કુશ્તી ખેલાડીઓ અમન સેહરાવત , સુજિત અને રીન્કુ પણ ઉપસ્થિત રહ્યા. અગાઉ શ્રી માંડવિયાએ બનાસકાંઠાના ડીસા ખાતે પણ સાંસદ ખેલ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો. તેમણે કહ્યું સાંસદ ખેલ મહોત્સવ યુવાઓમાં ખેલ ભાવના , શિસ્ત, સંસ્કાર અને સકારાત્મક સ્વભાવ વિકસાવવાનું અસરકારક માધ્યમ બનશે. અગાઉ તેમણે મહેસાણા સરકીટ હાઉસ ખાતે જિલ્લામાં ચાલી રહેલા વિકાસ કાર્યોની સમીક્ષા કરી હતી.

. . . . . . . . . . . . .

# BHAVANAGAR KHEL SANSAD MAHOTSAV

આગામી 16 ડિસેમ્બરથી શરૂ થનાર ભાવનગર સાંસદ ખેલ મહોત્સવમાં એક લાખ ૭૮ હજાર ૪૪૦ ખેલાડીઓએ નોંધણી કરાવી છે. આજે ભાવનગર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય રાજયમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું કે આ ખેલ મહોત્સવ થકી શહેર , જિલ્લા અને અંતરિયાળ વિસ્તારના યુવાઓની પ્રતિભાને યોગ્ય મંચ મળી રહ્યું છે.તેમણે જણાવ્યુ કે, 16થી ૧૮ ડિસેમ્બર દરમ્યાન તાલુકા અને ઝોન કક્ષાની જ્યારે જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ ૨૨ અને ૨૩ ડિસેમ્બરે ભાવનગર ખાતે યોજાશે.

દરમિયાન શ્રીમતી બાંભણીયાએ સીદસર રમતગમત સંકુલ ખાતે સૌરાષ્ટ્ર ઝોનકક્ષા બાસ્કેટબોલ સ્પર્ધાના ખેલાડીઓ સાથે મુલાકાત કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

. . . . . . . . . . . . .

# RAJKOT MADAK PADARTH

રાજકોટ જિલ્લાના અણીયારા ગામમાંથી એક કરોડ રૂપિયાના માદક પદાર્થનું વાવેતર ઝડપાયું છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસ દરોડો પાડી આ કાર્યવાહી કરી હતી જેમાં ઝોન એકના DCP પટેલે જણાવ્યું, આરોપીઓએ તુવેર અને ઘઉંના પાક વચ્ચે માદક પદાર્થનું વાવેતર કર્યું હતું.

(બાઇટ : હેતલ પટેલ, DCP)

. . . . . . . . . . . . .

# GOVERNOR – NATURAL FARMING

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે પ્રાકૃતિક કૃષિ અંગે ખેડૂતો સાથે પરિસંવાદમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યુ કે પ્રાકૃતિક કૃષિ વિકસિત ભારત માટેનો આધારસ્તંભ છે. આ પ્રસંગે તેમણે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી પ્રકૃતિ તરફ પ્રયાણ કરવા હાંકલ કરી હતી.પરિસંવાદ બાદ રાજ્યપાલે આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક કૃષિ અંગે સમજ આપતા પોસ્ટર નિહાળ્યા હતા.

. . . . . . . . . . . . .

# MUKHYAMANTRI RELIEF FUND

મુખ્યમંત્રી રાહત ભંડોળ- CMRF દ્વારા છેલ્લા ચાર વર્ષમાં કેન્સરના બે હજારથી વધુ દર્દીઓને નવજીવન મળ્યું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે 4 વર્ષમાં કેન્સરના બે હજાર 106 દર્દીઓને 31 કરોડ 55 લાખ રૂપિયાથી વધુની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે.

આરોગ્ય વિભાગમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર બ્લડ કેન્સરના 450 દર્દીઓ જ્યારે અન્ય પ્રકારના કેન્સરથી પીડિત એક હજાર 656 દર્દીઓને CMRF થકી આર્થિક સહાય મળી છે. મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી લીવર , કિડની, હૃદય અને ફેફસાંના ટ્રાન્સપ્લાન્ટ જેવી મોંઘી- જટિલ સારવાર માટે પણ આર્થિક મદદ આપવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# GOVT COLLGE LOKARPAN – PRADYUMAN VAJA

સામાજિક ન્યાય , અધિકારીતા અને શિક્ષણ મંત્રી ડૉ. પ્રધુમન વાજાએ સુરેન્દ્રનગરના પાટડી ખાતે સરકારી વિનયન , વાણિજય અને વિજ્ઞાન કોલેજના નવનિર્મિત ભવનનું લોકાર્પણ કર્યું. ૧૫ કરોડના ખર્ચે નિર્મિત આ કોલેજમાં ૨૨ ખંડો, છ લેબોરેટરી, સ્માર્ટ ક્લાસ અને ડિજિટલ પુસ્તકાલય સહિતની અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે.

આ પ્રસંગે સંબોધન કરતા ડૉ. વાજાએ જણાવ્યું કે, અત્યાર સુધી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ૫૦ થી ૬૦ કિલોમીટર દૂર સુરેન્દ્રનગર જવું પડતુ હોવાની સમસ્યાનો આ નવી સરકારી કોલેજના નિર્માણથી હવે કાયમી ઉકેલ આવ્યો છે.

. . . . . . . . . . . . .

# TAPI GRAMY OLYMPIC

કેબિનેટ મંત્રી નરેશ પટેલ અને રાજ્ય મંત્રી જયરામ ગામીતની ઉપસ્થિતિમાં તાપીના શ્રાવણીયા ગામે ગ્રામ્ય ઓલમ્પિક રમતોત્સવનો પ્રારંભ થયો છે.આ રમતોત્સવમાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશના ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ પ્રસંગે જિલ્લામાં ૧૪ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નિર્માણ થનાર ૨૫ લાઇબ્રેરીનું ખાતમુહુરૂત કેબિનેટ મંત્રી નરેશ પટેલ દ્વારા કરાયું.

. . . . . . . . . . . . .

# WEATHER

આગામી ત્રણ દિવસ સુધી રાજ્યના લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. જોકે ત્યારબાદ રાજ્યના તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં નોંધાયેલા લઘુતમ તાપમાનની વાત કરવામાં આવે તો , 11 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડુ સ્થળ બન્યું છે. જોકે અમરેલીમાં પણ 11 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. ત્યાર બાદ વડોદરામાં 12, ગાંધીનગરમાં 14 અને અમદાવાદમાં 15 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું છે.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR AIR FORCE

ભારતીય વાયુસેનાની ગુજરાત શાખાએ આજે ગાંધીનગરના સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ સેન્ટર ખાતે ફ્લાઈંગ ઓફિસર નિર્મલ જીત સેખોન પીવીસીની સ્મૃતિમાં ૧મું વાર્ષિક સ્મારક વ્યાખ્યાનનું આયોજન કર્યું. આ પ્રસંગે ભૂતપૂર્વ લેફ્ટનન્ટ જનરલ દુષ્યંત સિંઘે જણાવ્યું , ઓપરેશન સિંદૂર હેઠળ ભારતે લડત શરૂ પણ કરી અને પૂર્ણ પણ કરી.

(બાઇટ: દુષ્યંત સિંઘે, ભૂતપૂર્વ લેફ્ટનન્ટ જનરલ)

ઉલ્લેખનીય છે કે 14 ડિસેમ્બર, 1971 ના રોજ ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન રાષ્ટ્રની રક્ષા કરતી વખતે સેખોને શહીદી વહોરી હતી.

. . . . . . . . . . . . .

# RAJKOT ENTY NARCOTICS ZONAL OFFICE

એન્ટી નાર્કોટીકસ ટાસ્ક ફોર્સની રાજકોટ ઝોનલ કચેરીનુ આજે ઉદ્ઘાટન કરાયું. રાજકોટ રેન્જ સાયબર ક્રાઇમ ભવન ખાતે આ કચેરીના કાર્યરત થવાથી સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં માદક પદાર્થોનુ વેચાણ અને સેવન અટકાવવાની કામગીરીને વધુ વેગ મળશે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ , ગાંધીનગર, વડોદરા, સરુત, રાજકોટ અને બોર્ડર ઝોન સહિત કુલ-૬ ઝોન કાર્યરત કરવાનો નિર્ણય લેવાયો છે.આ ઉપરાંત મુખ્ય કાર્યાલયની સાથે વિંગ ઓફીસ પણ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.

. . . . . . . . . . . . .

# BHARUCH ACCIDENT

ભરૂચના જાંબુડા ગામે અજાણ્યા વાહને ટક્કર મારતા મોટરસાયકલ પર સવાર 2 યુવકના મોત થયા. બે યુવકો મોટરસાયકલ લઇને જતાં હતા તે દરમિયાન થયેલા અકસ્માતમાં એક યુવકનું ઘટના સ્થળે મોત નીપજયું હતું. જ્યારે અન્ય યુવકનું સારવાર દરમિયાન મોત થયું હતું.

. . . . . . . . . . . . .

# SATLASNA KHANIJ CHORI

મહેસાણાના સતલાસણામાં ટિંબા રોડ પાસે    તપાસ દરમ્યાન અંદાજિત ૬૦ લાખની કિંમતનો ખનિજનો ગેરકાયદે લઈ જવાતો જથ્થો જપ્ત કરાયો છે. અધિકારીઓએ સ્થળ પર પહોંચી ડમ્પર વાહનો અટકાવી સાદી રેતી અને બિલ્ડિંગ સ્ટોન સહિતની ખનિજ સામગ્રી જપ્ત કરી. આ ખનિજ ચોરીની કાર્યવાહીમાં દોષિતો સામે ૪ લાખ ૫૯ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . .

# BK FOREST OFFICER ATTACKED

બનાસકાંઠાના બાલારામ-અંબાજી અભ્યારણ્યમાં વૃક્ષારોપણની કામગીરી સમયે ટોળા દ્વારા કરાયેલા હુમલાના મામલે અંબાજી પોલીસ સ્ટેશનમાં અંદાજે ૧૦૦ વ્યક્તિના ટોળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી FIR દાખલ કરવામાં આવી છે. ગઇકાલે વનવિભાગ , પોલીસ તથા મહેસૂલ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ પર લોકોએ અચાનક પથ્થરમારો અને તીર-કામઠા વડે હુમલો કર્યો હતો. જેમાં અનેક અધિકારી અને કર્મચારીઓ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા.

. . . . . . . . . . . .

# CRICKET IND-SA

ક્રિકેટમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે હિમાચલ પ્રદેશના ધર્મશાલામાં શ્રેણીની ત્રીજી T20 મેચ રમાઈ રહી છે. ભારતે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

5 મેચની શ્રેણી હાલમાં 1-1 થી બરોબર છે. શ્રેણીની ચોથી મેચ બુધવારે લખનઉમાં રમાશે , જ્યારે અંતિમ મેચ શુક્રવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.

. . . . . . . . . . . . .